# બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામીમહારાજ જીવનગાથા

આપણાં સૌનાં એ અહોભાગ્ય કે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ આપણા આંગણે પ્રમુખસ્વામી મહારાજ રૂપે પધાર્યા. તેઓના જીવન-કવનનાં શ્રવણ મનન દ્વારા તેઓની સ્મૃતિ-ગંગામાં સ્નાન કરીએ.

૧. જેણે જાત ઘસી સદાય વિચરી કીધું ભલું વિશ્વનું,
જેણે મંદિર સંત શાસ્ત્ર રચીને કલ્યાણ સૌનું કર્યું;
જેણે રાજ કર્યું દિલે સકલના, શોભે ગુણો સંતના,
ભાવે જન્મશતાબ્દીએ પ્રમુખજી, પાયે કરું વંદના.

એ શુભ દિન ને એ ધન્ય ઘડી સંવત ૧૯૭૮ માગશર સુદ આઠમ, સને ૧૯૨૧, ૭ ડિસેમ્બર, એ દિને આ ધરા ધન્ય થઈ રહી, સર્વત્ર જયજયકાર થઈ રહ્યો. કારણ કે જન્મ ધર્યો છે વાલે ચાણસદ ગામમાં, આનંદ થયો છે અપાર પ્રગટ્યા સંત સુહાગી.

૨. ઝળહળી રહી છે જ્યોત જગતમાં,
થઈ રહ્યો જયજયકાર પ્રગટ્યા સંત સુહાગી. ટેક
સંવત ઓગણીસસો ને અઠ્યોતેરની સાલમાં,
જન્મ ધર્યો છે વા'લે ચાણસદ ગામમાં,
આનંદ થયો છે અપાર. પ્રગટ્યા સંત સુહાગી.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં જણાવે છે કે અમારી બાળપણથી જ દેવદર્શન, ભજન, સંત-સમાગમની રુચિ હતી; તે જ શ્રીજીપ્રકૃતિનાં દર્શન નાનકડા શાંતિલાલમાં - પ્રમુખસ્વામી મહારાજના બાળપણમાં સૌને થતાં હતાં.

૩. ધૂન ભજન ને કથા સાંભળે એવો શાંતિલાલ,

સેવામાં શૂરો એના પર સૌને ઊપજે વા'લ.

ખબર છે અમને શાંતિલાલને ભક્તિ બહુ ગમે.

ભજન ભક્તિ ને સેવા કરશું એની જેમ અમે.

ખબર છે અમને શાંતિલાલને ભક્તિ બહુ ગમે.

પ્રમુખસ્વામી મહારાજ આ લોકમાં પધાર્યા, પરંતુ આ લોકથી - સંસારથી સદાય નિર્લેપ રહ્યા હતા. તેથી જ રમત-ગમ્મતમાં રત હોવા છતાં ગુરુ શાસ્ત્રીજી મહારાજનો એક પત્ર આવ્યો કે તરત નીકળી પડ્યા - ઘરનો ત્યાગ કરી, ગામનો ત્યાગ કરી, સંસારની મોહમાયાનો ત્યાગ કરી. કોઈ હોહા નહીં, મિત્ર-સંબંધીને છોડ્યાનો કોઈ વિશાદ નહીં. આ વૈરાગ્યમૂર્તિને જોતાં અચરજ સૌને થાય કેવી આ વિદાય રે.

૪. કેવી આ વિદાય રે, અચરજ સૌને થાય રે,

રાવજીની સંગાથે શાંતિ હરખે હરખે જાય રે. કેવી આ. ટેક

જલદી પહોંચી જવું ભાયલી, પત્ર ભલો કંઈ આવ્યો છે,

ઘનશ્યામ સ્વામી રાહ જુએ છે, સંદેશો મોકલાવ્યો છે.

શાસ્ત્રીજી મહારાજ લખે છે, બોચાસણ બોલાવ્યો છે. કેવી આ વિદાય રે.

ગુરુમાં અખંડ ભગવત્-દર્શન કરતા શાંતિલાલ ગુરુનાં ચરણોમાં સમર્પિત થઈને રહ્યા. અમદાવાદમાં આંબલીવાળી પોળમાં શાસ્ત્રીજી મહારાજને મળ્યા અને સંસારનો ત્યાગ કરી ત્યાગાશ્રમના પંથે પદાર્પણ કર્યું.

૫. મળ્યા મુને શાસ્ત્રીજી મહારાજ

જીવતરની એ ધન્ય ઘડી, મૂરતિ અંતરમાંહી જડી. મળ્યા મુને. ટેક

સંવત ઓગણીસસો છન્નુમાં, કારતક સુદી દશમી;

ધન્ય મિલન એ ગુરુહરિનું, પોળ આંબલીવાળી. મળ્યા મુને.

પ્રમુખસ્વામી મહારાજ એટલે આદર્શ શિષ્ય. ગુરુનાં એક એક વચન જ નહીં, પણ ગુરુની એક એક રુચિ અને મરજીને પણ જાળવે. અને તેમાં યાહોમ થઈ જાય, પછી ભલેને ગમે તેવાં વિઘ્નો આવે. શાસ્ત્રીજી મહારાજની મરજી જાણી સ્વામીશ્રી અટલાદરાથી વરસતા વરસાદમાં નીકળ્યા. ટ્રેનમાં જગ્યા નહીં, તો બારણે લટકતાં, ભીંજાતા, ઠંડા વાયરાના સુસવાટા સહન કરતાં, કાદવ ખૂંદતાં, નદી-નાળાંને પાર કરતાં, સેવામાં પહોંચી ગયા. કેવી અલૌકિક ગુરુભક્તિ!

૬. અટલાદરાથી નીકળ્યા સ્વામી, જાવાને સારંગપુર;

પણ સ્ટેશન પર તે જ રાત્રે, ભીડ હતી ભરપૂર.

જગા જરાયે ના મળે ને ટ્રેનની વ્હીસલ થઈ,

પગથારે લટકી ગયા, સળિયો પકડી લઈ.

ઝડી વરસતી, ટ્રેન ધસતી, વાયુડો વીંઝાય;

વાદળ ગરજે, વીજળી ચમકે, તોયે ના મુંઝાય.

બોટાદ ઊતરી, કાદવ ખૂંદી, ચાલવા લાગ્યા;

નદી નાળાં વિઘ્નો સઘળાં પાર કરી આવ્યા.

રાજી કરિયા કથા સુણાવી, હદ વાળી ગુરુભક્તિની;

પ્રસંગ આ કહી જાય એમની, ફના થવાની શક્તિને.

કથા કહું એક યુગપુરુષની હો...

પ્રમુખસ્વામી મહારાજ અખંડ દાસભાવે વર્તતા. અધિકાર લઈ સત્તા ભોગવવાનો તો લેશમાત્ર વિચાર નહીં. તેથી જ શાસ્ત્રીજી મહારાજે તેમને પ્રમુખ થવા સમજાવવા પડ્યા. ગુરુની મરજી જોઈ પ્રમુખપદનો સ્વીકાર કર્યો. ૨૮ વર્ષની નાની ઉંમરે વિશાળ સંસ્થાના પ્રમુખ તરીકે જ્યારે તેઓની વરણી થઈ, ત્યારે સૌના અંતરમાં આનંદ આનંદ છવાઈ ગયો.

૭. શાસ્ત્રીજી મહારાજ બિરાજે, આમલીવાળી પોળમાં,
કર જોડી નારાયણસ્વરૂપ બેઠા એની જોડમાં.

હેત વરસાવી સ્વામી ઓઢાડે ચાદર,
મારા સ્થાને નીમું કરજો સૌ આદર.
હે.. હે.. જેમ સોંપી રામાનંદે શ્રીજીને ધુર,
એમ સોંપું હું આજ્ઞામાં રહેજો જરૂર.

બાજે રે મૃદંગ તૂર, શરણાયુંના ગુંજે સૂર
હે... પ્રમુખવરણી દિન આયો આજ, કે રંગ છાયો દૂર દૂર દૂર.

ગુરુ શાસ્ત્રીજી મહારાજના ધામગમન બાદ પ્રમુખસ્વામી મહારાજ ગુરુ યોગીજી મહારાજના અદના સેવક થઈ ગયા. યોગીજી મહારાજ ધામમાં પધારતાં ગુરુપદનો સ્વીકાર કર્યો, પરંતુ ગુરુ થઈને તેઓ ગાદી પર જ બેસી ન રહ્યા. ગામોગામ ને ઘરોઘર ફરી ફરી સૌને ભગવત્-સન્મુખ કરતા શ્રીજીનો સંદેશો આપતા રહ્યા.

૮. ઘરોઘર ઘૂમનાર, શ્રીજી રસના પાનાર,

ગ્રહી ભક્તોનાં દુઃખ, સુખ આપે અપાર;

શ્રીજી હૈયાનો હાર, તું છો દિલનો દાતાર,

તારી કરુણાગંગામાં થાય પાવન નરનાર.

આનંદના મેહ વરસ્યા, ઉત્સાહના ઓઘ વળ્યા, મીઠે સ્વરે મોર ટહુક્યા રે.

સ્વામી તારા રૂપે આજ શ્રીજી મળ્યા. પ્રમુખસ્વામીના રૂપે આજ શ્રીજી મળ્યા.

પૂર્વનાં પુણ્ય ફળ્યા, જીવનઆધાર મળ્યા, મુક્તિના ઉધારા ટળ્યા રે,

સ્વામી તારા રૂપે આજ શ્રીજી મળ્યા. પ્રમુખસ્વામીના રૂપે આજ શ્રીજી મળ્યા.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે અમે અમારો દેહ ભગવાનના ભક્તો માટે કૃષ્ણાર્પણ કરી રાખ્યો છે. આ વાતનો અનુભવ પ્રમુખસ્વામી મહારાજમાં સૌને થયો. ૧૭,૦૦૦ થી વધુ ગામોમાં, અઢી લાખથી વધુ ઘરોમાં પ્રમુખસ્વામી મહારાજ પધાર્યા. ભોજન કે આરામનો કોઈ સમય નિશ્ચિત નહિ, ગરમી, ઠંડી કે વરસાદ કોઈ ઋતુનો વિચાર નહીં, ગરીબ કે તવંગર કોઈ વ્યક્તિનો ભેદભાવ નહીં, અગવડ કે સગવડનો ક્યારેય વિચાર નહીં, દેહની તો કોઈ પરવા જ નહીં. બસ, સૌનું ભલું કરવા તેઓ તો ઘૂમતા જ રહ્યા.

૯. ગમે તે અગવડો ને વ્યાધિ ઝુકાવી શકે ના કદી જેને,

ધરમની જ્યોત લઈ જગમાં સદાયે વિચરતા પ્રમુખસ્વામી. ૧

હૃદયરોગનો હુમલો હોય નેત્રે મોતિયો પાકે,

છતાંયે ભક્તને દિલથી કદી ના ભૂલતા પ્રમુખસ્વામી. ૨

ભલું કરવા હંમેશાં બીજાનું દેહને દમતા પ્રમુખસ્વામી.

પ્રમુખપદે નિમાયા, ત્યારે પ્રમુખસ્વામી મહારાજે ગુરુ શાસ્ત્રીજી મહારાજ પાસે પ્રતિજ્ઞા કરેલી - આપે અક્ષરપુરુષોત્તમ-જ્ઞાનરૂપી બગીચો ખીલવ્યો છે, તેની પૂરતી રીતે અભિવૃદ્ધિ થાય, તેના માટે હું દરરોજ સંપૂર્ણ કાળજી અને ખંત રાખી સેવા કરીશ. જીવનના છેલ્લા શ્વાસ સુધી ખંતથી અવિરત વિચરણ અને કષ્ટો સહન કરી તેમણે ગુરુભક્તિ અદા કરી અક્ષરપુરુષોત્તમ જ્ઞાનના પાયા પાતાળે નાખ્યા.

૧૦. ત્યાગે તપે જ્ઞાને રે, ધર્મ ધ્યાને ધીર છે રે લોલ,
સેવા કરતા નિર્માની થઈ અતિ દીન રે;
સંસ્થાનો વિકાસ રે, કીધો અતિ ખંતથી રે લોલ,
પાયા નાખ્યા અક્ષરપુરુષોત્તમના પાતાળ રે. સંસ્થાનો વિકાસ રે...

પ્રમુખસ્વામી મહારાજ એટલે નિતાંત સાધુતા. રાષ્ટ્રપતિ કલામ હોય કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હોય, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લિન્ટન હોય કે ઇંગ્લેન્ડના રાજા ચાર્લ્સ, મહામંડલેશ્વર પૂજ્ય સ્વામીશ્રી સત્યમિત્રાનંદ ગિરીજી હોય કે સ્વામીશ્રી પૂજ્ય ચિદાનંદ સરસ્વતીજી હોય, બૌદ્ધગુરુ પૂજ્યપાદ દલાઈ લામા હોય કે જૈનાચાર્ય મુનિ સુશીલકુમાર મહારાજ હોય; સૌ તેમની સાધુતાથી આકર્ષાતા.

૧૧. ધર્મમાં દૃઢતા, જ્ઞાને ગંભીરતા, વૈરાગ્યે નિશ્ચલ મન.
પ્રમુખસ્વામી છો જી અમારું જીવન.
સાધુતા વિલસે, કરુણા નીતરે, વરસાવે અમૃતઘન.
પ્રમુખસ્વામી છો જી અમારું જીવન.

બાળક હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય; પ્રમુખસ્વામી મહારાજ તો સૌના હતા, સૌના થઈને રહ્યા હતા. તેમના પ્રસંગમાં બાળકો ઝૂમી ઊઠતા, યુવાનો પવિત્રતાના પાઠ શીખતા, વૃદ્ધો આદર અને હુંફ અનુભવતા. તેથી ત્રણેય ભુવનમાં થાય છે જય જયકાર, સ્વામીનો થાય છે જય જયકાર.

૧૨. વ્હાલપની લાખ લાખ લહેરખી સ્પર્શતાં, ઝૂમી રહ્યાં સૌ બાળ;

પાંગરતાં પુષ્પોની પાંખડી શા હોઠ પર, ફૂટ્યો છે આજ ટહુકાર.

સ્વામીનો થાય છે જયજયકાર.

યૌવનની આંખોમાં આંખો પરોવી, પરોવી પાવનતા અપાર;

વીંઝાતો વાયરો વેણુમાં વાયો ને રેલાયો રાગ મલ્હાર.

સ્વામીનો થાય છે જયજયકાર.

થાય છે જયજયકાર... જયજયકાર... જયજયકાર...

પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવતી પ્રત્યેક વ્યક્તિનું પરિવર્તન થતું. પ્રત્યેક પરિવારના પ્રશ્નો ઉકલતા. પ્રત્યેક ગામોમાં સંપ-એકતાનો માહોલ રચાતો. કારણ કે તેઓ તો વડવાનળ અગ્નિ સમા સંત, અનેક ખારા જળ જેવા જીવને મીઠા અમૃત જેવા કરનાર પરમ એકાંતિક સંત હતા.

૧૩. વડવાનળ સમ અતિ બળવંતા, બ્રહ્મપ્રકાશ રેલનારા.

પ્રમુખસ્વામી લાગો છો પ્યારા પ્યારા.

ગારુડીઓના ગારુડી આપ છો, મણિધર ડોલાવનારા.

પ્રમુખસ્વામી લાગો છો પ્યારા પ્યારા.

પ્રમુખસ્વામી મહારાજનું જીવન પરમ પવિત્ર હતું. તેથી જ અનેક યુવાનો તેઓમાં આકર્ષાતા. પ્રમુખસ્વામી મહારાજનો એ મહાન ચમત્કાર કે હજારથી વધારે ભણેલા ગણેલા યુવાનો તેઓના શરણે સાધુ થઈને રહ્યા. એ યુવાન સંતો કાયમ પ્રાર્થના કરતા - સ્વામી અમારે અંગ તમ રંગ ઢોળી દો.

૧૪. સ્વામી અમારે અંગ તમ રંગ ઢોળી દો,

સંસારી ઉતારો રંગ અંતર રોળી દો.

નચાવો તેમ અમે નાચશું રંગ ઢોળી દો,

પટ પહેરાવો ભગવાં અંગ અંતર રોળી દો.

સ્વામી અમારે અંગ તમ રંગ ઢોળી દો.

વૈદિક સનાતન સંસ્કૃતિને સંવર્ધિત કરતાં કેટકેટલાંય કાર્યો પ્રમુખસ્વામી મહારાજે કર્યાં. ભવ્ય મહોત્સવો દ્વારા સમાજને નૂતન દિશા આપી. ઉપાસનાના પ્રવર્તન માટે હજારથી વધુ મંદિરો રચી, અધ્યાત્મના પાયા પર સમાજસેવા કરવાની શીખ આપી. ચૈતન્ય મંદિરો સમા યુવાન સંતો દ્વારા સમાજને જાગ્રત કર્યો. વૈદિક જ્ઞાનને ઉજાગર કરતું ભાષ્ય રચાવી જ્ઞાન પરંપરાને પુષ્ટ કરી. આવા યુગ પુરુષને કોટિ કોટિ વંદન.

૧૫. લાખો જીવના કલ્યાણ કાજે ઉત્સવ મોટા કરિયા,

પ્રમુખસ્વામીએ દેશવિદેશે ભક્તિભાવે કરિયા;

સેવા ને સંસ્કાર સભર ને કલા ઘણેરી છલકાતા,

ઉચ્ચ જીવનના પાઠ શીખે સૌ નિહાળનારા મલકાતા.

કથા કહું એક યુગપુરુષની...

ઉપાસના કરવાને માટે મંદિર મોટાં કીધાં,

અક્ષરપુરુષોત્તમના ડંકા જગમાં ગજવી દીધા;

વિશ્વતણા કલ્યાણને કાજે કૈંક નવાં નિર્માણ કરી,

અવનિ પર આપણને એણે અક્ષરધામની ભેટ ધરી. કથા કહું એક...

પ્રસ્થાનત્રયી ઉપર સ્વામિનારાયણ ભાષ્ય કરાવ્યાં,

દેશ-વિદેશે પ્રોફેસર-પંડિતોએ બિરદાવ્યાં,

મૌલિક અક્ષરપુરુષોત્તમ દર્શનને સૌએ વધાવ્યું,

સ્વામિનારાયણ-તત્ત્વજ્ઞાન તો આજ દિગંતે ગાજ્યું. કથા કહું એક...

ખરેખર ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પો પૂર્ણ કરતાં સ્વામિનારાયણ સંપ્રદાયનો ડંકો વિશ્વમાં પ્રમુખસ્વામી મહારાજે વગાડી દીધો.

૧૬. યોગીના સંકલ્પો જેણે, સિદ્ધ કર્યા વેણે વેણે,

ડંકો માર્યો આ બ્રહ્માંડે રે, પ્રમુખસ્વામી.

યોગીજીના પ્રાણપ્યારા રે, પ્રમુખસ્વામી.

તેઓ ગયા છે જ ક્યાં? તેઓ તો આજે પણ છે મહંતસ્વામી મહારાજ રૂપે દર્શન આપે છે. હે સ્વામી, આપનું આ લોકમાં પધારવું, આ લોકમાં અમારી સાથે રહેવું અને તિરોધાન થયા છતાં પણ પ્રગટ રહેવું, ખરેખર તે સકલ દિવ્ય છે, દિવ્ય છે, દિવ્ય જ છે.

૧૭. તિરોધાન થઈને પ્રગટ છો સદાયે,

રહ્યા છો મહંત સ્વરૂપે કૃપાએ,

દીસે રૂપ અન્યં સ્વરૂપે અનન્યમ્

પ્રમુખજી તમારું સકલ દિવ્યદિવ્યમ્.